વિભાગની ઓડીટ કમિટિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક:બજટ/૧૦૨૦૨૦/૧૯/ઇ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૨૯ /૦૧/૨૦૨૦.

વંચાણે લીધા : (૧) નાણા વિભાગના તા.૨૮/૧૨/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક:અડર/૧૦૨૦૧૩/૧૪૦/ગ.

: પ રિ પ ત્ર :

નાણા વિભાગના આમુખમાં દર્શાવેલ પરિપત્ર અન્વયે સચિવાલયના સર્વે વિભાગોને વિભાગમાં એક ઓડીટ કમિટિની રચના કરવા તથા સમયાંતરે ઓડીટ કમિટિની બેઠકોનું આયોજન કરી વિભાગના સ્થાનિક ઇન્સ્પેકશન અહેવાલ અને નિરીક્ષણ અહેવાલોના તમામ અગત્યના બાકી પેરાઓના નિકાલ માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા દર ત્રણ માસે અર્ધ સરકારી પત્ર લખી જે તે ખાતાના વડાને અને દર છ માસે વહીવટી વિભાગના સચિવશ્રીના ધ્યાને જે તે વિભાગના સ્થાનિક ઇન્સ્પેકશન અહેવાલ (Local Inspection Report) અને નિરિક્ષણ અહેવાલોના તમામ અગત્યના ઓડીટ વાંધાઓ તથા સ્થાનિક ઓડીટ પારાઓ ધ્યાને લાવવામાં આવે છે. સમયાંતરે ઓડીટ કમિટિની બેઠક બોલાવીને આવા બાકી ઓડીટ પારાઓનો નિકાલ લાવવાનો હોય છે.

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના અગત્યના ઓડીટ વાંધાઓ તેમજ બાકી ઇન્સ્પેકશન પારાઓનો સત્વરે નિકાલ અંગેની કાર્યવાહી કરવા માટે નીચે મુજબના સભ્યોની ઓડીટ કમિટિની રચના કરવામાં આવે છે.

અનુ.	કમિટિના સભ્યો	હોદ્દો
(૧)	વહીવટી વિભાગના સચિવ/અગ્ર સચિવ/અધિક મુખ્ય સચિવ	ચેરમેન
(૨)	સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ/ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ	સભ્ય
(૩)	નાણા સલાહકાર	સભ્ય
(૪)	બજેટનો હવાલો ધરાવતા અધિક સચિવ/સંયુકત સચિવ/નાયબ સચિવ	સભ્ય સચિવ

ઓડીટ કમિટીએ મુખ્યત્વે નીચેની બાબતો વિચારણામાં લેવાની રહેશે.

(૧) જાહેર હિસાબ સમિતિ તથા જાહેર સાહસોની સમિતિની ભલામણ સંદર્ભમાં નાણાકીય હિસાબો. તથા ઓડીટ અહેવાલો પર એકશન ટેકન નોટસ.

(૨) રાજય વિધાનસભામાં ઓડીટ અહેવાલો રજૂ થયા બાદ નિયત સમય મર્યાદામાં જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસોની સમિતિને ઓડીટના અનઓફિસિયલ રેફરન્સ(યુ.ઓ.આર.)ના સંદર્ભમાં ઓડીટ રીપોર્ટમાં સમાવેશ ફકરાઓની એકસપ્લેનેશન નોટસની બાબતો.

(૩) ઓડીટને લગતા ડ્રાફટ પેરેગ્રાફ,ડ્રાફટ થીમેટીક ઓડીટ અહેવાલો અને ડ્રાફટ પરફોર્મન્સ ઓડીટ અહેવાલોના જવાબો.

(૪) ઇન્સ્પેકશન અહેવાલોના બાકી ફકરાઓની ચર્ચા, તેના ત્વરિત અને આખરી નિકાલના ઉપાયો.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામ,

(એન એસ વસાવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,સેકટર નં.૨૦,જ-રોડ,ગાંધીનગર.

(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.

(૩) માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.

(૪) માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.

(૫) સચિવશ્રી,ગુજરાત વિધાસભા,સચિવાલય,ગાંધીનગર.

(૬) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

(૭) વિભાગના સર્વે શાખા અધિકારીશ્રીઓ.

(૮) વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાની કચેરીઓ.

(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી,ઓડીટ ભવન, નવરંગપુરા,અમદાવાદ. જાણ તરફ થવા સારૂ.

(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી,રેસકોર્સ, રાજકોટ જાણ થવા સારૂ.

(૧૧) સેકશન અધિકારીશ્રી (ગ-શાખા), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર સદરહુ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર મુકવા સારુ.

(૧૩) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

(૧૪) શાખા સિલેકટ ફાઇલ.